Seat No. : 00008

# AB-118

**April-2019**

**B.Ed., Sem.-II**

**B-101 : Gujarati**

**(Pedagogy of School Subject)**

**(New)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1\. (અ) નીચેના કોઈ એક પ્રશ્નસમૂહનો જવાબ આપો : 14

(1) બ્લ્યુપ્રિન્ટનું મહત્ત્વ જણાવી, પ્રશ્નપત્ર માટે કઈ-કઈ બાબતોને ધ્યાનમાં રાખી ગુણ ફાળવણી કરશો ? (ગુણ ફાળવણીના ત્રણ કોઠા જણાવવા)

(2) જૂથચર્ચા પદ્ધતિની કાર્યરચના જણાવી, જૂથચર્ચા પદ્ધતિના ફાયદા જણાવો.

**અથવા**

(1) બ્લ્યુપ્રિન્ટ બનાવતી વખતે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ? તમે તૈયાર કરેલ પ્રશ્નપત્ર માટેની બ્લ્યુપ્રિન્ટનો ત્રિપરિમાણીય કોઠો દોરો.

(2) સ્વાધ્યાય પદ્ધતિ એટલે શું ? તેના ફાયદા અને ગેરફાયદા જણાવો.

(બ) નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો : 4

(1) કોઈપણ બે દૃશ્યશ્રાવ્ય સાધનના નામ આપો.

(2) ઈતરવાંચન એટલે શું ?

(3) સામયિકોની બે ઉપયોગિતા જણાવો.

(4) ભાષાશિક્ષણ દરમિયાન મોબાઈલ-સેલ ફોનનો ઉપયોગ કઈ બે બાબત શીખવવા કરશો ?

(5) શૈક્ષણિક સાધનની પસંદગી કરતી વખતે કઈ બે બાબતોની કાળજી રાખશો ?

(6) ધોરણ-૯ની કઈ બે કૃતિ શીખવવા નાટ્યીકરણ પદ્ધતિનો ઉપયોગ કરશો ?

2\. (અ) નીચેના કોઈ એક પ્રશ્નસમૂહનો જવાબ આપો : 14

(1) શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ જણાવી, તેને વિકસાવવા માટેની આઠ પ્રવૃત્તિઓ જણાવો.

(2) લેખન કૌશલ્યનું મહત્ત્વ જણાવી, તેને વિકસાવવા માટેની આઠ પ્રવૃત્તિઓ જણાવો.

**અથવા**

(1) કથન કૌશલ્યનું મહત્ત્વ જણાવી, તેને વિકસાવવા માટેની આઠ પ્રવૃત્તિઓ જણાવો.

(2) વાચન કૌશલ્યનું મહત્ત્વ જણાવી, તેને વિકસાવવા માટેની આઠ પ્રવૃત્તિઓ જણાવો.

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો : 3

(1) કેટલાક વિદ્યાર્થીઓમાં મુકવાંચન વખતે જોવા મળતા બે દોષ જણાવો.

(2) માતૃભાષાના કયા બે કૌશલ્યો અભિવ્યક્તિના કૌશલ્યો છે ?

geniusguruji.in

(3) લેખન કૌશલ્યના બે આધારસ્તંભ જણાવો.

(4) શ્રવણ કૌશલ્ય પર અસર કરતાં કોઈપણ બે પરિબળો જણાવો.

(5) કથન કૌશલ્યના કોઈપણ બે ઘટકો જણાવો.

3. (અ) નીચેના કોઈ એક પ્રશ્નસમૂહનો જવાબ આપો : 14

(1) પાઠ આયોજન એટલે શું ? પાઠ આયોજનનું મહત્ત્વ જણાવો.

(2) ગદ્ય શિક્ષણ અને કાવ્ય શિક્ષણ વચ્ચેનો મુખ્ય ભેદ જણાવો. કાવ્ય શિક્ષણ કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

**અથવા**

(1) ગદ્ય શિક્ષણ માટેના પાઠ આયોજનના સોપાનોની ક્રમિક સમજ આપો.

(2) વ્યાકરણનો કોઈ એકમ લઈ આગમન-નિગમન પદ્ધતિ દ્વારા તે એકમ શીખવવા માટેનું પાઠ આયોજન લખો.

(બ) નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો : 4

(1) અપરિચિત શબ્દોની સંકલ્પના સમજાવવા માટેની કોઈપણ બે રીત જણાવો.

(2) કાવ્ય શિક્ષણ વખતે જોવા મળતી બે નબળાઈ જણાવો.

(3) વ્યાકરણ શિક્ષણ માટે જોવા મળતા બે મતમતાંતર જણાવો.

(4) એવી કઈ બાબતને કારણે લેખક/કવિનો પરિચય કૃતિ શીખવ્યા પછી આપવો જોઈએ ?

(5) શિક્ષકના આદર્શ વાંચનના બે ફાયદા જણાવો.

(6) કાવ્ય શિક્ષણ દરમિયાન શૈક્ષણિક સાધનનો ઉપયોગ ઓછો કરવા પાછળનું મુખ્ય કારણ કયું છે ?

4. (અ) નીચેના કોઈ એક પ્રશ્નસમૂહનો જવાબ આપો : 14

(1) તમારી કોલેજમાં યોજાયેલ કોઈ એક પ્રસંગનો અહેવાલ લખો.

(2) વર્ગખંડમાં નિબંધ શિક્ષણ કરાવવા માટે કયા સોપાનોને અનુસરશો ? વિગતે સમજ આપો.

**અથવા**

(1) કોઈ એક શાળામાં ગુજરાતીના શિક્ષકના શિક્ષકની નિમણૂક માટેની જાહેરાત આવી છે. આપ તે નોકરી મેળવવા તે શાળાના આચાર્યને અરજી લખો.

(2) સંક્ષિપ્તીકરણ અને વિચારવિસ્તાર કરતી વખતે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો : 3

(1) કોઈ સંસ્થાને પત્ર લખો ત્યારે એ પત્ર કોને સંબોધીને લખશો ?

(2) વિચાર વિસ્તાર કરતી વખતે અંતમાં / છેલ્લા ફકરામાં શું લખશો ?

(3) 'અહેવાલ' કોને કહેશો ?

(4) પત્ર અને અરજીમાં શું તફાવત છે ?

(5) અહેવાલ લેખન શા માટે કરવામાં આવે છે ?

---

geniusguruji.in